## સલામી સવારની..



## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*વિકાસના દરિયા કાંઠે સ્વપ્નની રેતીમાં ભૂંગા છે,*
*નિષ્ઠા, સિદ્ધાંત અને વિશ્વાસ જાણે શોભાના ફુગ્ગા છે.*
*મૂંગા મતદાર સહે છે અત્યાચાર ચૂંટણી સુધી -*
*લાગ્યો છે મોહ સત્તાનો, નેતાઓને પદોના ઠૂંગા છે*

### હાઈકુ

*રાજ-'નીતિ'ને*
*સમજે છે નેતાઓ -*
*રાજ 'રમત'...*

*સ્વાર્થ - સત્તાનો*
*સંગમથી જન્મે છે*
*બાળ - 'ભંગાળ'*

### ચિંતન

*કસ્ય અપિ તાત ધન્યસ્ય લોકચેષ્ટા અવલોકનાત્ ।*
*જીવિતેચ્છા બુભુક્ષા ચ બુભુત્સા ઉપશમં ગતાઃ ॥*

ઉપરોક્ત શ્લોક કઠઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

હે પ્રિય, લોકચેષ્ઠાને જોઈને તો, કોઈક જ ભાગ્યશાળીની જિજીવિષા, ભોગવી વાસના ને જ્ઞાનની ઇચ્છા, શાંત થઈ છે. અહીં કહે છે કે લોકચેષ્ઠાનું અવલોકન કરીને, એટલે કે લોકોનો વ્યવહારને, વર્તનને, સમાજના શિષ્ટાચારોને, બરોબર, વ્યવસ્થિત રીતે, સમજણપૂર્વક જોઈને, નિરિક્ષણ કરીને, કોઈક ભાગ્યશાળી જ એવા હશે જેની જિજીવિષા, જીવવાની ઈચ્છા ન રહી હોય. જેની ભોગ ભોગવવાની વાસના ન રહી હોય કે જેની કંઈ ને કંઈ જાણવાની (જ્ઞાન પ્રાપ્તિની) કે પછી કુતૂહલ - વૃત્તિ સંતોષવાની ઈચ્છા ન રહી હોય!

અન્યના જીવનને સમજવાથી જ, ખ્યાલ આવે કે જીવન કેટલું વ્યર્થ છે, નિરર્થક છે, ને એ જેને સમજાયું એ ભાગ્યશાળી.

ઘણીવાર સ્મશાનમાં દેહ-દહન જોઈને કોઈ વ્યક્તિને 'સ્મશાન-વૈરાગ્ય' જન્મે છે પણ એ કાયમ માટે રહેતો નથી. જો કાયમી જાગૃતિ આવી જાય તો ધન્ય થવાય.

### સુવિચાર

- પ્રકૃતિ અને આત્મા વચ્ચેની ચંચળતા ઉડી ગઈ, એનું નામ 'સાહજિકતા' - **આપ્તસૂત્ર**
- ધર્મની શરુઆત દયાથી થાય એ અને અંત કરુણાથી થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- પસ્તાવો હૃદયની વેદના છે અને નવા નિર્મળ જીવનનો ઉદય છે - **ઓશો**
- મનુષ્ય દેહધારી 'રાક્ષસો'ને પ્રભુ લાકડી લઈને શિક્ષા કરતો નથી,
  પણ એમના બળ, બુદ્ધિ, ધર્મ અને વિચારશક્તિને હણી લે છે - **તુલસીદાસજી**
- જે અહિંસક છે, અને જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત છે,
  તે જ બ્રહ્માના આસન પર બેસવાનો અધિકારી છે - **મનુ સ્મૃતિ**
- બે વસ્તુ પવિત્ર કરવાની છે - વ્યથા અને હર્ષ - **સંત પાસ્કલ**
- આજનું ઔષધ : એરંડાના પાન વાટીને વા વાળી કે દુઃખાવાની જગ્યાએ લગાડવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જાપાની ઝેન સંતે ફિશીંગ શીખવાનું નક્કી કર્યું. એમણે જાતે જ માછલી પકડવાનો ગલ બનાવ્યો. નદીમાં જઈને પાણીમાં નાખ્યો. થોડીવારમાં એક માછલી પકડાઈ. સંતે ઉત્સાહમાં આવીને ગલનો સળિયો પૂરી તાકાતથી ઉપર ખેંચ્યો. આને કારણે સળીયો તૂટી ગયો અને માછળી છટકી ગઈ. બીજા દિવસે ફરીથી નવા ગલ સાથે પ્રયત્ન કર્યો. ફરી એક માછલી હુકમાં પકડાઈ ગઈ. સંતે સાવ ધીરે ધીરે સળીયા પરની દોરી ખેંચવા પ્રયત્ન કર્યો. આમ છતાં માછલી દોરીને પોતાની સાથે ખેંચીને પાણીમાં સરકી ગઈ. ફરી નવી ગલ સાથે સંતે પ્રયત્ન કર્યો. આ વખતે માછલી પકડાઈ આ વખતે ગલની દોરી માછળી જેવી બળપૂર્વક નીચે ખેંચી રહી હતી એટલા જ બળથી સંતે સળીયો ઉપર ખેંચ્યો. આથી ન તો સળિયો તૂટ્યો કે ન માછલી છટકી શકી છેવટે સંતે સળળતાપૂર્વક માછલી પકડી લીધી. આપણી આસપાસના લોકો અને પરિસ્થિતિ સાથે વ્યવહારમાં યાદ રાખો કે કોઈ પણ તમને વિરુદ્ધ દિશામાં ખેંચે ત્યારે એટલી જ તાકાત સાથે એનો પ્રતિકાર કરવો. ઝનુનપૂર્વક પ્રતિકાર કરવા જશો તો તમે ખુદ ખતમ થઈ જશો. અને જો અતિશય નરમાશથી પ્રતિકાર કરશો તો એ તમને ખતમ કરી નાખશે.

# અયોધ્યા ચુકાદો : કોણ જીત્યું ? દેશ જીત્યો !

**તંત્રીસ્થાનેથી...**

અમિતાભ બચ્ચન અભિનિત ફિલ્મ 'ભૂતનાથ-૨'ના પરાકાષ્ટાના દશ્યમાં મુખ્ય ભૂમિકા ભજવતો એક બાળક ફિલ્મના નાયકને ચૂંટણીના પરિણામ અંગે પૃચ્છા કરે છે : કોણ જીત્યું ?

ત્યારે નાયક એને જવાબ આપે છે : દેશ જીત્યો.

ત્યારે આ દેશના નાગરિક તરીકે જેવી રાહતની ને ગૌરવની લાગણી થઈ હતી એવી જ અત્યારે થઈ રહી છે. મંદિર કે મસ્જિદ ? એ વિષયે ૫૦૦ વર્ષ જૂના વિવાદનો અંત આવ્યો ને બહુ સરળતાથી લોકોએ સુપ્રિમ કૉર્ટના નિર્ણયને વધાવી પણ લીધો. ન કોઈ ધમાલ, ન કોઈ હુલ્લડ કે ન કોઈ હિંસા ને તોડફોડ. નિશ્ચિતપણે દેશે આજે જે મૅચ્યોરિટીનાં દર્શન કરાવ્યાં છે એ દેશની આવતીકાલ માટે ચોક્કસ નિર્ણાયક બની રહેશે.

આપણે સૌ જાણીએ છીએ કે અયોધ્યાની જમીનનો મુદ્દો વર્ષોથી વિવાદમાં હતો અને આ મુદ્દે હિન્દુ-મુસ્લિમો વચ્ચે ખાસ્સી તંગદિલી પણ સર્જાઈ ચૂકી છે અને પરસ્પર લોહી પણ રેડાયાં છે.

ઘણા સમયથી આ મુદ્દો અનિર્ણિત હતો અને લોકોનું તો એમ પણ કહેવું હતું કે બંનેમાંથી કોઈ એક પક્ષે ચુકાદો આવશે એટલે બીજો પક્ષ હિંસાના માર્ગે નીકળી પડશે એવી કૉર્ટને દહેશત છે એટલે આ અંગે ચુકાદો આપવામાં નથી આવી રહ્યો અને કેસને લંબાવવામાં આવી રહ્યો છે.

અલબત્ત, શનિવારે ચુકાદો આવી ગયા પછી આ વાત માત્ર હવા જ સાબિત થઈ છે. ચુકાદો આવ્યા પહેલાં અને આવ્યા પછી મીડિયા અને સોશિયલ મીડિયા સિવાય આ દેશમાં કોઈ એવું ન હતું જેણે આ બાબતે ઉત્કંઠા દર્શાવી હોય કે આ બાબતને ઉછાળી-ઉછાળીને દર્શાવી હોય. સામાન્ય નાગરિકોને જાણે પહેલેથી ચુકાદાની જાણ હોય એમ કોઈએ આ વિશે ખાસ ચર્ચા પણ ન કરી કે ના કોઈએ આ વિશે ખુલીને કોઈ વિરોધ નોંધાવ્યો. ચુકાદો આવ્યો એને શાંતિથી સ્વીકારી લીધો.

૫૦૦ વર્ષ જુના વિવાદનો આનાથી સારો અંત ના હોઈ શકે. ચુકાદો કોના પક્ષમાં આવ્યો છે એ વાત મુદ્દાની નથી, મુદ્દો એ છે કે ભારત માની બે આંખ જેવા પનોતા પુત્રો હિન્દુ અને મુસ્લિમ વચ્ચેના એક બહુ મોટા વિવાદનો અંત આવી ગયો છે. લોકબોલીમાં કહીએ તો લાંબા વખતથી ચાલી રહેલી 'એક વાતનો પાર આવી ગયો' છે.

હા, મીડિયા ને સોશિયલ મીડિયાની જેમ રાજકારણે પણ ચુકાદો આવી ગયા પછી આ બાબતને ઉછાળવાની કોશિષ કરી હતી પણ એમાં એ બહુ ફાવ્યું નહોતું. કોઈએ જાણે આ બાબતે પ્રતિસાદ જ ન આપ્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું હતું. અને બિનસાંપ્રદાયિક લોકશાહી દેશ માટે આનાથી વધુ સારી સ્થિતિ બીજી કોઈ ન હોઈ શકે. આ દેશના નાગરિક હિન્દુ હોય કે મુસ્લિમ - એક વાત સ્પષ્ટપણે સમજી ચૂક્યા છે કે પરસ્પરના ઝઘડાથી નુકસાન માત્ર પોતાનું જ થાય છે અને એમની વચ્ચેનાં ઘર્ષણથી ઉત્પન્ન થતી ઊર્જામાં ઝઘડાવનારાં રોટલા શેકી લે છે. અયોધ્યા ચુકાદો જેમ દેશના ઈતિહાસમાં લખાશે એમ અયોધ્યા ચુકાદા પછી દેશના નાગરિકોએ જે સંયમ અને એકતાનાં દર્શન કરાવ્યાં છે એ પણ ઈતિહાસમાં લખાશે એ વાત નિશ્ચિત છે.

# ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ

## ગુજરાતના આંતકવાદી કૃત્ય અને સંગઠિત ગુન્હા નિયંત્રણ કાયદા વિધેયક



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ભારતના રાષ્ટ્રપતિશ્રીએ તાજેતરમાં ગુજસીટોકના નામે ઓળખાતો ગુજરાત આંતકવાદ ગુન્હાઓની સામે રક્ષણ આપતા કાયદાને મંજુરીની મહોર મારી દિધી છે. આ કાયદાથી ગુજરાતમાં આંતકી પ્રવૃત્તિ, ગુન્હાખોરી, અપહરણ, ખંડણી, દાણચોરી, સોપારી આપવી-લેવી, ડ્રગ્સ માફીયા, પ્રોટકશન મની વસુલવાનારા, પ્રોન્ઝીસ્કીમ કે મલ્ટી લેવલ માર્કેટીંગ સ્કીમથી પ્રજાના પૈસા લુંટનારાઓ ઉપર અંકુશ આવશે. નાણાકિય લાભો મેળવવાની યોજનાઓ ઉપર અંકુશ આવતા સામાન્ય જનતાના પૈસાની છેતરપીંડી કરનારા દંડાશે. આ કાયદા પ્રમાણે ગુન્હેગાર સાબીત થતા ૩ થી ૧૦ વર્ષની કેદ તથા દંડની જોગવાઈ રૂા. ૫ થી ૧૦ લાખ સુધીની છે.

રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતને અસર કરતા આ ગુજસીટોક કાયદાને મંજુરી આપતા રાજયમાં સાયબર ગુન્હા ઉપર નિયંત્રણ મુકાશે. સરહદ પારથી ત્રાસવાદી સંગઠનોને નાણા મોકલનારા ઉપર અંકુશ આવશે. ગુન્હાખોરી પ્રવૃત્તિને વેગ આપતી ટેકનોલોજીનો ઉપયોગ કરનારા ઉપર પણ નિયંત્રણ આવશે.

આ કાયદા અન્વયે પોલીસને વધારે સત્તા મળશે. કાયદાની વિવિધ કલમોમાં ગુજસીટોક કાયદાથી કલમોમાં ઉમેરો થશે. બીનહિસાબી મીલ્કતોનો કબજો ધરાવનારને સજા અને દંડ બન્ને થશે. સને ૨૦૦૪ નું વિધેયક ૨૦૧૫ માં સુધારા સાથે પાસ કરાયેલ અને રાષ્ટ્રપતિશ્રીની મંજુરી માટે મુકવામાં આવેલ પરંતુ રાષ્ટ્રપતિશ્રી દ્વારા વારંવાર આ બીલ સુધારા વધારા માટે પરત મોકલવામાં આવતું કેટલાક સુધારા વધારા સાથે ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝર ક્રાઈમ એકટના નવા નામથી વિધેયક મંજુર કરી મોકલવામાં આવતા આખરે રાષ્ટ્રપતિશ્રીએ તેને મંજુરીની મોહર મારી દીધી છે.

રાજયની એકતા અને અખંડીતતા અને સુરક્ષા, શાંતિ અને સલામતી સામે ખતરો ઉભો કરવો, બોમ્બથી, દારૂગોળાથી વિસ્ફોટકોથી, જવલનશીલ પદાર્થોથી, ઘાતક હથીયારોથી તેમજ ઝેર અથવા હાનીકારક વાયુથી, રસાયણોથી કોઈનું મૃત્યુ નિપજાવવું, નુકશાન કરવું, ઈજા કરવી તથા માલ મીલ્કત અને જાત માલને નુકશાન થાય તેવા કૃત્ય કરતા ગુજસીટોક લાગુ કરવામાં આવશે અને આ કાયદાની જોગવાઈઓ પ્રમાણે પોલીસ આરોપીઓ સામે પગલા ભરશે.

ગુન્હેગારોને જામીન ઉપર છોડવામાં આવશે નહિ આ કાયદા અન્વયે તાર, ઈલેકટ્રોનિકસ અથવા મોખીક સંદેશાને પોલીસ દ્વારા આંતરી શકાશે અને કોર્ટમાં તેને પુરાવા તરીકે માન્ય ગણાશે પોલીસ સમક્ષની આરોપીની કબુલાતને પણ માન્ય ગણવામાં આવશે. આવા ગુન્હા કરનાર વ્યક્તિને જામીન ઉપર છોડી શકાશે નહિ. ગુન્હેગારની સ્થવાર, જંગમ મીલ્કતો પોલીસ દ્વારા ટાંચમાં લઈ શકાશે. આવી મીલ્કતોને કબજે લેવાનો હુકમ પણ કરી શકાશે. ગુન્હેગારની ચાર્જશીટ ૯૦ દિવસના બદલે ૧૮૦ દિવસો કોર્ટમાં રજુ કરવામાં આવાશે.

આ કાયદાના માધ્યમથી પોલીસને તાર, ટપાલ, ફોન, મેસોજીસ જેવા સંદેશાઓ આંતરવાની સત્તાથી નાગરિકોના મુળભૂત અધિકારોનો ભંગ થતો હોય વ્યક્તિ સ્વતંત્રતા ઉપર તરાપ સમાન હોવાનું ગણી ઘણી સંસ્થાઓ વ્યક્તિઓએ તેને પડકારેલ તથા જન આંદોલન પણ કરવામાં આવ્યા હતા. આ કાયદા મુજબ એસપી તથા ઉચ્ચ અધિકારી સમક્ષ આપેલ આરોપીનું નિવેદન કોર્ટમાં માન્ય ગણવામાં આવતા નિયમ સામે પણ વિરોધ નોંધાયેલ પોલીસની ધાક, ધમકીથી ગમે તેવો નિર્દોષ વ્યક્તિને પણ આરોપી બનાવી રજુ કરવાની શંકા સેવવામાં આવશે જે તમામ વિવાદોનો ગુજસીટોકને મંજુરી આપતા અંત આવ્યો છે.

આ નવા કાયદાનો દુરઉપયો થવાની પણ પુરેપુરી સંભાવના છે. પોલીસને તમામ સત્તા અને અધિકારો આપતા તેની કાર્યક્ષમતા અને કાર્યશૈલી ઉપર વિશ્વાસ મુકવો અઘરો છે. પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવામાં પોલીસ આમેય નિષ્ફળ રહી છે. વ્યંક્તિગત મનસુફી, રાગદ્રેષ તથા રાજકિય કિન્નાખોરીનો ભોગ ગમે તે વ્યક્તિને બનાવી પોલીસ આમ જનતાને દબાવી શકે છે. માનવ અધિકાર, વાણી, વિચાર સ્વતંત્રતાનો અમલ અને અખબારી સ્વતંત્રતાએ બંધારણે બક્ષેલા મુળભૂત અધીકારો છે જે આ કાયદાથી અધિકારીઓ દ્વારા કાયદાના પાલનના નામે કચડી નાખવાનો પ્રયાસ ગણવામાં આવ્યો છે. અનામત આંદોલન તથા સામાજીક આંદોલનોને રોકવા માટે આ વિધેયક લાવવાનો સરકાર ઉપર આક્ષેપ પણ ભુતકાળમાં થયેલો છે. ગુજસીટોકએ મકોકાની ફોટોકોપી સાબીત થશે.

# કોણ કહેશે કે વમળ હોતા નથી, આપણા ચક્ષુ ચપળ હોતા નથી, કયાંકથી ઓછી પડે છે સાધના, કયાંક સંજોગો સરળ હોતા નથી

**કોણ કહેશે કે વમળ હોતા નથી**
**આપણા ચક્ષુ ચપળ હોતા નથી**
**ક્યાંકથી ઓછી પડે છે સાધના**
**ક્યાંક સંજોગો સરળ હોતા નથી**

**- ચંદ્રેશ મકવાણા**

ઓસ્ટ્રિયાના વિયેના શહેરની શેરીમાંતી બે સજ્જનો પસાર થઈ રહ્યા હતા. સાંજનો સમય હતો. શેરીના ખૂણા પરના ઘરમાંથી આવતાં સંગીતના સ્વરો સાંભળી એક સજ્જનના પગ થંભી ગયા. સ્વરોમાં દર્દ ઘૂંટાઈને આવતું હતું ને સાંભળનારના હૃદયમાં કોઈ અદમ્ય ભાવો જગાવતું હતું. એ બોલ્યા, 'ચાલ આપણે એ ઘરમાં જઈએ.'

બંને એ તરફ વળ્યા. બારણું ખુલ્લું જ હતું. ઘરમાં પ્રવેશ કર્યો. જે જોયું તેનાથી બંને સ્તબ્ધ બની ગયા. એક કિશોર કોથળા પર બેસી મોચીકામ કરી રહ્યો હતો. મોચીકામનાં ઓજારો, ચામડાના ટુકડા અને બૂટ-સેન્ડલ બાજુમાં પડ્યા હતા. દુર્ગંધ પણ આવતી હતી. કિશોરનાં કપડાં ગંદા હતા. એણે ઊંચે જોયું. બે ખાનદાન નબીરાઓને પોતાના ઘરમાં આવેલા જોઈ ભાવવિહીન ચહેરાથી માત્ર 'પધારો સાહેબો' કહી સ્વાગત કર્યું. એક મેલી ચાદર પાથરી છોકરાએ કહ્યું, 'બેસો શ્રીમાન, આ મારી બહેન છે, તે અંધ છે. તેનો એકમાત્ર સહારો આ વાયોલીન છે અને મારો એકમાત્ર સહારો મારી બહેન છે.'

આ બાળા અંધ છે એવું જાણીને બંને સજ્જનોને બહુ દુઃખ થયું. એકે કહ્યું, 'અમે પણ સંગીતમાં રસ ધરાવીએ છીએ. વાલોયિનના સ્વરો સાંભળ્યા અને અમે અમારી જાતને રોકી ન શક્યા. માફ કરજો. અમારા આગમનથી કાંઈ વિક્ષેપ થયો હોય તો ?' અંધ બાળાએ કહ્યું, 'આપની લાગણી માટે આભાર, મહેરબાન.' એક જ ઓરડો હતો. એ પણ ઠંડો હતો. ભોંય પર કાર્પેટ નહોતી. નહોતી કયાંય ફાયર પ્લેટ. ઠંડી સામે ટકી રહેવા ભાઈબહેનના દેહ પર પૂરાં વસ્ત્રો પણ નહોતાં. આખા ઓરડામાં ગરીબાઈ આંટો લઈ ગઈ હતી. આવનાર સજ્જનોમાંથી એક સંગીતમાં ઘૂંટાતા દર્દનું કારણ તરત જ સમજી ગયા. થોડી વાતચીત થયા પછી અંધ બાળાએ પોતાનું સંગીત રજૂ કર્યું. સજ્જને કહ્યું, 'વાહ, અદ્ભૂત.' અને તરત જ અંધ બાળાએ વાયોલિન એ અવાજ તરફ ધરીને કહ્યું, 'હવે, આપ શ્રીમાન વગાડો.' એ સજ્જને વાયોલિન હાથમાં લીધું અને વેદનાના સ્વરો વાતાવરણમાં પ્રસરવા લાગ્યા. ઘેરા વિષાદની છાયામાં ચારેયનાં હૈયા વિહ્વળ બની ઊઠ્યાં. દર્દના સૂરો શમ્યા એટલે અંધ બાળાએ કહ્યું, 'આપ બિથોવન છો. કહો હા.' અને વાયોલિનવાદકે કહ્યું, 'હાં હું બિથોવન છું.' લુડવિંગ બિથોવન દુનિયાનો મહાન સંગીતકાર હતો. વર્દી, બાક, હેન્ડેલ, મોઝાર્ટ, શુબર્ટ, વાગ્નર, હાઈડન અને બિથોવન એમના જમાનાના યુરોપના મહાન સંગીતકારો હતા.

લુડવિગ બિથોવનનો જન્મ જર્મનીના બોન શહેરમાં ૧૭૭૦માં થયો હતો. એની ઊંચાઈ પૂરતી નહોતી પણ બાંધો કસાયેલો હતો. કાંઈક શોધવા મથતી હોય તેવી તેજસ્વી આંખો, મોટું કપાળ, ખૂબ કાળા રંગના ઘાટા વાળ, ચહેરા પર જોવા મળતા વિદ્રોહના ભાવ. એ કદીય ખડખડાટ હસ્યો નહિ હોય, છતાં એનું સ્મિત મોહક હતું. એ અજોડ કલાકારનું સંગીત સાંભળનાર શ્રોતાઓ સ્વયંને ભૂલી જતા. બિથોવન તો સ્થળ, સમય અને સ્વયં બધું ભૂલી તેની સંગીતસાધનામાં એવો લીન બની જતો કે રંગમંચ પર માત્ર તેનું સંગીત રહેતુ. સંગીતકારનું જાણે કે અસ્તિત્વ જ નહોતું રહેતું.

સંગીતની આ અદ્ભૂત સિદ્ધિ બિથોવને અથાગ પરિશ્રમને અંતે મેળવી હતી. બાળપણથી જ એ કારમા સંઘર્ષો સામે ઝઝૂમ્યો હતો. શાળામાં ભણવાની અને શેરીમાં રમવાની વયે તો તે ઓપેરામાં વાયોલિન વગાડવા જતો. આ બાળકલાકારની કમાણીમાંથી તેની માતા ઘરનો વ્યવહાર ચલાવતી અને તેનો શરાબી પિતા બાકીની રકમ ઝૂંટવી જતો. ઓપેરામાં વાયોલિન વગાડી મોડી રાતે બિથોવન ઘેર આવતો ત્યારે માતા એની રાહ જોતી બેસી રહેતી.

બિથોવન વાયોલિન વગાડતો અને પિયાનો પણ શીખતો. એમાં એક દિવસ તેની માતાએ છેલ્લી વાર બિથોવનાના માથે હાથ ફેરવ્યો. માતાના વિયોગમાં બિથોવન રોતો જ રહ્યો, રોતો જ રહ્યો. આખરે એમે વાયોલિનનું શરણ શોધ્યું. એની વેદના સંગીતમાં વ્યક્ત થવા લાગી. પિયાનોવાદક તરીકે તેની ખ્યાલિ પ્રસરતી ગઈ. એક વાર મહાન સંગીતકાર હાઈડનનો બિથોવનને મેળાપ થયો. એક શિષ્ય તરીકે હાઈડન પાસેથી લઈ શકાય એટલી તાલીમ બિથોવને લીધી. પછી પોતાની સ્વતંત્ર કેડી કંડારી. હવે વિયેનાના શાહી ઘરાનામાં, શ્રીમંત પરિવારોમાં, બિથોવનનું માનભર્યું સ્થાન નિશ્ચિત થઈ ચૂક્યું.



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

તે સાંજે બિથોવન તેના મિત્ર સાથે વિયેનામાં માત્ર લટાર મારવા નીકળેલા. એક ગરીબ ઘરમાંથી સંગીતના સ્વરો સાંભળી બંનેએ પ્રવેશ કર્યો અને અંધ બાળાના આગ્રહથી બિથોવનને વાલોયિન વગાડ્યું. અંધ બાળા તરત જ ઓળખી ગઈ. બિથોવને પણ જણાવ્યું. 'હું જ બિથોવન છું! આપ બિથોવન છો ? મારી બહેન આઠ દિવસથી મને કહે છે બિથોવનના શોની ટીકીટ લઈ આવ, અને હું તેને સમજાવુંછું કે આપણી જિંદગીભરની કમાણીમાંથી પણ બિથોવનના શોની ટિકીટ ખરીદી શકાય તેમ નથી.' બિથોવને કહ્યું, 'હવે શોની ટિકીટ ખરીદવાની જરૂર નથી. તમે કહેશો ત્યારે હું જ અહીં આવી વાયોલીન વગાડી જઈશ.' બિથોવનની આ કરુણા અંધ બાળાને સ્પર્શી ગઈ. એ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. તેણે કહ્યું, 'હવે છેલ્લી વાર વગાડો. પછી આપને તકલીફ નહીં આપું.' એ વખતે સંધ્યાનું અંધારું ઊતરી ચૂક્યું હતું. ઓરડામાં ઝાંખો પ્રકાશ હતો. ઘરમાં દીવો કરવા માટે તેલ પણ નહોતું.

અંધ બાળાની વિનંતી સાંભળી બિથોવનને કાંઈક સૂઝી આવ્યું. એ ઊભો થયો અને ઓરડાની એક બારી તેણે ખોલી નાખી. એ બારીમાંથી ચંદ્રના પ્રકાશે ઓરડામાં પ્રવેશ કર્યો અને એ પ્રકાશમાં બિથોવન વાયોલિન હાથમાં લીધું. જે સ્વરો સર્જાયા તે અદ્ભૂત હતા. બિથોવનની જીવનભરની સાધના જાણે એક નવા જ સર્જન રૂપે વ્યક્ત થઈ રહી હતી. મિલન માટે કોઈ વિરહીના પ્રાણ તરફડતા હોય એવી વેદનાનો ચારેય અનુભવ કર્યો. બિથોવને અચાનક વાયોલિન વગાડવું બંધ કર્યું. તેણે ભાઈ-બહેનની વિદાય લીધી અને મિત્રને કહ્યું : 'ઝટ ચાલ. જે રજૂઆત મારાથી અહીં થઈ છે એ સ્વરોનું કંપોઝિશન હું ઝડપથી નોંધી લેવા માગું છું. સ્વરો સ્મૃતિમાંથી વિસરાય તે પહેલાં હું એ લખી લેવા ઈચ્છું છું...'

*- શાહબુદ્દીન રાઠોડ*

Last Seen :

*સાધના ફળશે કદી*
*રહે સદા તું ચલવત*
*એમ હારી ના જતો*
*ઇશ સાથે છે સતત*
*ભાવ વીના શેં મળે?*
*ઈશ, ભજ ના યંત્રવત.*
*માત ભૂલી પીડને*
*પત્યને બાથે તરત.*

*-રસિક દવે*

- nehalgadhavi101@gmail.com

# ઘમંડ તો રાજા રાવણનો ય છાજ્યો નહીં હોવાનો ભાજપને પરચો



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

કૉંગ્રેસમુક્ત ભારત કરવા નીકળેલા અને ભાજપને કૉંગ્રેસયુક્ત કરીને ચૂંટણીઓ જીતવામાં આગેકૂચ કરી રહેલા ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના નેતાઓના નિરંકુશ અશ્વમેધના ઘોડાની લગામ કોઈએ ઝાલી હોય એવું મહારાષ્ટ્ર અને હરિયાણા જ નહીં, તળ ગુજરાતની તાજી ચૂંટણીનાં પરિણામોએ બતાવી દીધું. મુખ્ય વિપક્ષ કૉંગ્રેસને તો ખુલ્લા મોંઢામાં પતાસું પડે એની પ્રતીક્ષા હતી, પણ પ્રજાએ અને કૉંગ્રેસના ઉમેદવારોએ ભાજપના ઘમંડને તોડવાનું કામ કર્યું. સત્તા ભલે ભાજપ કને રહી હોય અથવા તો ભાજપે સરકાર રચવામાં સફળતા મેળવી હોય; પણ એની જે ફજેતી થઈ છે એ જોતાં આને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની નેતાગીરી સામે વૉર્નિંગ બેલ જરૂર કહી શકાય. આવતાં ૫૦ વર્ષ હવે ભાજપ જ દેશ પર રાજ કરશે, રાષ્ટ્રવાદ જ છવાયેલો રહેશે, હિંદુરાષ્ટ્ર ભારત વિશ્વગુરુ બનશે, વિશ્વની સૌથી મોટી આર્થિક સત્તા બનશે; જેવી ગુલબાંગો પોકારનારા ભાજપી નેતાઓ અને મંત્રીઓના દાવાઓના ફુગ્ગામાંથી માત્ર બે જ રાજ્યોની વિધાનસભા ચૂંટણી થકી હવા નીકળી ગઈ. પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં સત્તા ગુમાવ્યા પછી આ વખતની ચૂંટણીઓનાં પરિણામો ભાજપ માટે દીવાદાંડી સમાન જરૂર છે. કેન્દ્રમાં સત્તારૂઢ ભાજપ હવે ૩૦ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધીમાં ઝારખંડમાં વિધાનસભાની ૮૧ બેઠકોની ચૂંટણી પાંચ-પાંચ તબક્કામાં કરાવીને ફરી સત્તા હાંસલ કરવાની વેતરણમાં છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને બહુમતી મળી નહોતી એટલે ઝારખંડ મુક્તિ મોરચાના ત્રણ અને કોંગ્રેસના બે ધારાસભ્યોને પક્ષપલટો કરાવવાની તેની હવે મશહૂર બનેલી કીમિયાગીરી થકી એણે ગૃહમાં બહુમતી કરી હતી. મિત્ર પક્ષો પણ આ વખતે છૂટા પડી રહ્યા છે. વળી, કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર હોવા છતાં મોટાભાગની બેઠકો નક્સલ પ્રભાવિત કે આતંકવાદ પ્રભાવિત ગણાવીને સંવેદનશીલમાં વર્ગીકૃત કરાઈ છે એટલે આ વેળાની ચૂંટણીમાં આસમાની સુલતાની થવાની ગણતરી ખરી. ભાજપની નેતાગીરીએ હવે જાગવાની જરૂર ખરી કારણ પ્રજા હવે જાગતી થઈ છે. ગતકડાંથી લાંબો સમય પ્રજા હવે લાંબો સમય અંજાઈ જાય એવું માનવાની જરૂર નથી.

**હરિયાણામાં ભ્રષ્ટાચારી શિષ્ટાચાર**

હરિયાણામાં તો મૂળ પંજાબી એવા ભાજપી મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે 'વાણિયાભાઈની મૂછ નીચી'' એ ન્યાયે હજુ પલટી મારીને સત્તા હાંસલ કરી છે. હમણાં સુધી ચૂંટણી પ્રચારમાં ભાજપની નેતાગીરી થકી દેશના નાયબ વડાપ્રધાન દેવીલાલના આખા ખાનદાનને ભ્રષ્ટાચારી ગણાવાયા છતાં બહુમતી ના મળી એટલે દેવીલાલના પ્રપૌત્ર દુષ્યંત ચૌટાલાને જખ મારીને નાયબ મુખ્યમંત્રી બનાવવા ઉપરાંત એમના પિતાને જેલમાંથી છોડવા સહિતની સમાધાનકારી વૃત્તિનાં દર્શન કરાવવાં પડ્યાં. હજુ દુષ્યંતના દાદા અને હરિયાણાના મુખ્યમંત્રી રહેલા ઓમપ્રકાશ ચૌટાલા તિહાડ જેલમાં છે. એમને પણ શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં જેલમાંથી છોડાવવાના વેત થશે. 'પાર્ટી વિથ અ ડિફરન્સ' એ આનું નામ. કૉંગ્રેસ કે વિપક્ષમાં હોય ત્યારે જે નેતાઓ ભ્રષ્ટાચારી ગણાવાય એ જો ભાજપમાં જોડાય કે એના મિત્ર બને તો નિર્મળ બની જાય. ભાજપ કને આવો પારસમણિ છેક દિલ્હીથી દેશભરનાં રાજ્યોમાં આજકાલ કળા કરી રહ્યો છે. હરિયાણાની કુલ ૯૦ બેઠકોમાંથી ભાજપને ગઈ વખતની ૪૭ને બદલે આ વેળા માત્ર ૪૦ બેઠકો જ મળી. એટલે ૧૦ બેઠકો ધરાવતા ચૌટાલા સાથે ભાજપે સમાધાન કરવું પડ્યું. કૉંગ્રેસ તો અહીં ભારે ભંગાણને આરે હતી, છતાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપિંદર સિંહ હુડ્ડાની પ્રતિષ્ઠા થકી એને ગઈ વખતની ૧૭ બેઠકોને બદલે આ વખતે ૩૧ બેઠકો મળી. કૉંગ્રેસ બેઠી થતી લાગી.

- **શુક્રવારે મહારાષ્ટ્રના રાજકારણ પરથી સૌનું ધ્યાન રામમંદિર નિર્માણને લગતા ચુકાદા ભણી ડાયવર્ટ થયું**
- **મહારાષ્ટ્રમાં શિવસેનાના મુખ્યમંત્રીપદના આગ્રહે તો ભગવી મહાયુતિની ફજેતી,પવાર મેન ઓફ ધ મેચ**
- **પ્રજા ગતકડાં પીછાણતી થઇ ગઈ હોવાથી ભાજપની મદમસ્ત નેતાગીરીએ સવેળા જાગવાની જરૂર ખરી**
- **ક્યારેક નરેન્દ્ર મોદીના માનસપુત્ર ગણાતા શંકર ચૌધરીને ત્રણેયમાંથી એકેય બેઠક પર ટિકિટ ના મળી**

**મહારાષ્ટ્રમાં ભગવો ફુગ્ગો ફૂટ્યો**

શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે આ વખતે ભાજપ સાથે મુખ્યમંત્રીપદ ૫૦:૫૦ એટલે કે અઢી વર્ષ શિવસેના કને અને અઢી વર્ષ ભાજપ કને રહે, એવી ફોર્મ્યૂલા નક્કી થયાની રઢ લઈને પોતાના પક્ષને મુખ્યમંત્રીપદ મળે તે માટે સામે પાટલે બેસવા સુધી જતાં ભાજપની ભારે ફજેતી થઈ છે. બંને જૂના મિત્રપક્ષો સહિતનાની મહાયુતિને પ્રજાએ બહુમતી આપ્યા છતાં પંદર દિવસ વિત્યા છતાં શુક્રવાર સુધી મિત્રપક્ષના નેતાઓ એકમેક પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરવામાં વ્યસ્ત હતા. સરકાર બનાવવા ઘોડાબજાર (હોર્સ ટ્રેડિંગ) ચાલુ થવાનાં એંધાણ આપી રહ્યા હતા. "હું જ આવતાં પાંચ વર્ષ માટે મુખ્યમંત્રી રહીશ'', એવા મહારાષ્ટ્રના નાગપુરી ભાજપી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના દાવામાં તો સંઘની 'વ્યક્તિવાદ ના ચાલે' એવી નીતિરીતિનો ઉઘાડો વિરોધાભાસ જોવા મળ્યો. વર્ષ ૨૦૧૪માં શિવસેનાના સુરેશ પ્રભુને તોડીને કેન્દ્રમાં ભાજપી ક્વોટામાંથી મંત્રી બનાવાયાનો બદલો લેવાની તક "માતોશ્રી''ને એવી તે મળી કે ચૂંટણી પરિણામ આવ્યાના પંદર દિવસ સુધી ફડણવીસને સરકાર રચવાનું નિમંત્રણ ના મળે એવું ત્રાગું સેનાએ કર્યું. ભાજપને પોતાની રીતે બહુમતી માટે ૧૪૫ બેઠકો મળવાના દાવા થતા હતા, ઉપરાંત પ્રકાશ આંબેડકર અને અસદુદ્દીન ઓવૈસીની બહુજન વંચિત આઘાડીને ભાજપે સાધીને કૉંગ્રેસ તથા રાષ્ટ્રવાદી કૉંગ્રેસના મત તોડવાનું આયોજન હતું. રાષ્ટ્રવાદીને ૫૪ અને કૉંગ્રેસને ૪૪ બેઠકો મળી. આમ છતાં, ભાજપને ૨૮૮માંથી માત્ર ૧૦૫ બેઠકો મળી એટલે શિવસેનાના ૫૬ ધારાસભ્યોના ટેકા વિના સરકાર રચવાનું અશક્ય બન્યું. ગઈ વખતે આ જ ભાજપી મુખ્યમંત્રીની સરકાર પવારના પક્ષના ટેકે રચાઈ હતી છતાં અ વખતે શરદરાવને સાણસામાં લેવા જતાં એમની બાજી ઊંધી વળી. ભાજપનો અહમ ઓગળી ગયો છતાં તંગડી ઊંચી છે. શિવસેનાને મુખ્યમંત્રીપદ આપવાનું નકારતા રહીને ભાજપની નેતાગીરીની અન્ય પક્ષોને તોડીને પણ સરકાર બનાવી લેવાની કારી પણ શુક્રવાર સુધી તો ફાવી નહીં. બાંગો ખૂબ પોકારાઈ કે સેનાના ૪૫ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે. 'માતોશ્રી' છાસ પણ ફૂંકી ફૂંકીને પીવાની રણનીતિ સાથે આગળ વધતા ભાજપને સત્તાથી દૂર રાખવામાં મરાઠા નેતા શરદ પવારના નેતૃત્વમાં રાષ્ટ્રવાદી અને કૉંગ્રેસ સેનાને ટેકો આપે એવા વ્યૂહમાં ભાજપનું નાક કપાયાનો ખેલ જોવા મળ્યો. એમાં ને એમાં દિવાળી જ નહીં, લાભપાંચમ પણ ગઈ. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના હનુમાન સંજય રાઉત વારંવાર પવારને મળતા રહ્યા અને સેનાના ધારાસભ્યો તૂટે નહીં એટલે એમને હોટેલમાં રાખવામાં આવ્યા પર મીડિયાનું ધ્યાન કેન્દ્રિત રહ્યું. શિવસેનાએ તો પવાર સાથે કૉંગ્રેસ – રાષ્ટ્રવાદીના ટેકે ૧૭૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે. એકબાજુ, સર્વોચ્ચ અદાલતના બહુચર્ચિત વિવાદભૂમિ અંગેનો ચુકાદો શનિવારે આવવાની જાહેરાત પછી દેશભરનું ધ્યાન મહારાષ્ટ્ર ભણીથી હટીને સૂચિત રામમંદિર ભણી જવું સ્વાભાવિક હતું. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ પાણી પહેલાં પાળ બંધાવાના પ્રયાસરૂપે સર્વોચ્ચના ચુકાદાનો યશ ભાજપ લઈ ના શકે એવું પણ શુક્રવારે સ્પષ્ટ કર્યું.

**ગુજરાતમાં તો નાક કપાયું**

ભાજપની ટોચની નેતાગીરી ગુજરાતની હોય અને ગુજરાતમાં ૬ વિધાનસભા બેઠકોમાંથી ૩ બેઠકો પર ભાજપના ઉમેદવાર હારી જાય એ કાંઈ નાની સૂની ઘટના નથી. ભાજપ હારે ત્યારે "એ બેઠકો તો અમારી નહોતી,

અનુસંધાન પાના નં ૫ પર